# સ્વચ્છ નભે વિહરતી કુદરતની કાવ્યપંક્તિ એટલે સુરખાબ

**પંખીલોક**

★ પ્રવીણ સરવૈયા

પ્રકૃતિના ખોળે ખેલનારા અનેક જીવો આપણને જીવવાનો મંત્ર શિખવાડે છે પણ આપણને પ્રકૃતિને માણવાની કે જાણવાની ફુરસદ જ ક્યાં છે? પ્રકૃતિનું ભલે જે થવું હોય તે થાય. આપણે તો ભાઈ, ભલું આપણું ઘર ને ભલું આપણું કામ! પણ ક્યારેક ઊંડો વિચાર કરીએ તો પ્રકૃતિ થકી જ આપણે છીએ એ વાત ગળે ઊતરી જશે.

આપણે ઘણી વાર છાશવારે ટોળામાં ભેગા થઈએ છીએ. આપણાં ટોળામાં અવ્યવસ્થા, કોલાહલ અને છેવટે અરાજકતા ઊભી થવાના ચાન્સ ખૂબ વધુ હોય છે. જ્યારે પંખીજગતમાં ટોળામાં અને સંપથી રહેતાં સુરખાબ પંખીની વાત ન્યારી છે. પંખીલોકમાં સુરખાબનું સાચું નામ 'હંજ' છે, પણ તે સુરખાબ નામે વધુ જાણીતું છે.

આવો, આપણે સુરખાબને જાણીએ.

સુરખાબ આપણું કાયમી નિવાસી પંખી છે. સાથે યાયાવર તરીકે બહારથી આપણે ત્યાં સેંકડોની સંખ્યામાં આવે પણ છે. તેની બે જાતો આપણે ત્યાં છે; એક મોટો સુરખાબ અથવા મોટો હંજ (Greater Flamingo) અને બીજી જાત, નાનો સુરખાબ અથવા નાનો હંજ (Lesser Flamingo).

સુંદર પંખીઓમાં સુરખાબની ગણના થાય છે. સુરખાબ કદમાં મોટું, રંગે ધોળું અને દેખાવે બહુ રૂપાળું પંખી છે. તે કાળી કિનારીવાળી આછા ગુલાબી રંગની પાંખો ધરાવે છે. તેના પગ પણ ગુલાબી રંગના હોય છે. વળી, ચાંચ પણ અન્ય પક્ષીઓ કરતાં તદ્દન અલગ-અડધેથી ભાંગી ગઈ હોય તેવી ને ગુલાબી રંગની છે. પગનાં આંગળાં બતકની જેમ ચામડી વડે જોડાયેલાં હોય છે.

આપણે ચિત્રમાં હંસ અનેક વાર જોયો હોય છે અને બાળપણમાં હંસનું ચિત્ર પણ દોર્યું હશે અથવા







**સુરખાબ પાણીમાં તરી શકે છે અને ખોરાક મેળવવા આખું શરીર પાણીમાં ડુબાડી દે છે ત્યારે માત્ર એની પૂંછડી જ પાણીની બહાર દેખાય છે. સુરખાબ કુંજપક્ષીની માફક અંગ્રેજી 'V' આકારમાં અથવા પાણીના મોજાં જેવી ત્રાંસી પટ્ટીના આકારે ઊડે છે. ઉડ્ડયન વેળાનું આ દૃશ્ય ઘણું આહ્લાદક હોય છે**



કોઈ જળાશયમાં કે ક્યાંક પ્રાણીસંગ્રહાલયમાં હંસ જોયો હશે. બસ, સુરખાબ હંસના જેવડી કાયા ધરાવે છે પણ લાંબી દોરડા જેવી ડોકના લીધે તેની ઊંચાઈ ચાર ફૂટ થવા જાય છે.

અંગ્રેજીમાં સુરખાબને 'Flamingo' કહે છે. સુરખાબ કાદવવાળાં નદી-તળાવ કે દરિયાકિનારે રહે છે. આપણે ત્યાં કચ્છના ખારાપાટમાં ઓક્ટોબરથી માર્ચના ગાળામાં વિશાળ સંખ્યામાં સુરખાબ એકઠાં થાય છે. એ છીછરાં પાણી અને કાદવમાંથી કરચલા, જીવડાં, ઈયળો અને પાણીની વનસ્પતિ ખાય છે. તેની ચાંચમાં કરકરિયા હોય છે. ખોરાક મેળવવા સુરખાબ છીછરા પાણીમાં ધીમેધીમે ચાલે છે. તે ડોક નીચે નમાવી, માથું પાણીમાં પૂરેપૂરું ડુબાવી દે છે ત્યારે તેની ચાંચમાં ડહોળાયેલો કાદવ ભરાઈ જાય છે. ચાંચ બંધ કરી દે એટલે બાજુના દાંત (કરકરિયા) સામસામા ભીડાઈ જવાથી પાણી સાથે કાદવ નીકળી જાય છે અને પાણીની જીવાત ને વનસ્પતિ મોઢામાં રહે છે. સુરખાબ પાણીમાં તરી શકે છે અને ખોરાક મેળવવા આખું શરીર પાણીમાં ડુબાડી દે છે ત્યારે માત્ર એની પૂંછડી જ પાણીની બહાર દેખાય છે.

સુરખાબ કુંજપક્ષીની માફક અંગ્રેજી 'V' આકારમાં અથવા પાણીના મોજાં જેવી ત્રાંસી પટ્ટીના આકારે ઊડે છે. ઉડ્ડયન વેળાનું આ દૃશ્ય ઘણું આહ્લાદક હોય છે. ઊડતી વેળા તેની લાંબી ડોક આગળ લંબાવેલી હોય છે. સામાન્ય રીતે સુરખાબ બહુ બોલતાં નથી પણ કોઈક વખત ચારો ચરતી વેળા હંસ જેવો 'હોંક' અવાજ કાઢે છે અને ટોળામાંથી 'બડ-બડ' એવો અવાજ આવ્યા કરે છે.

આપણે ત્યાં કચ્છના રણમાં સુરખાબ પ્રજનન કરતાં હોવાનું જાણવા મળે છે. આમ તો નળસરોવરમાં પણ સુરખાબ જોઈ શકાય છે પરંતુ કચ્છપ્રદેશ એના સંવનન માટે અનુકૂળ છે. પાણીમિશ્રિત કાદવની ઢગલી શંકુ આકારે ગોઠવી, તેને લીંપીને સુરખાબ માળો બનાવે છે. આ ઢગલી પછી સુકાઈને કઠણ બની જાય છે, જે એકાદ ફૂટ જેટલી ઊંચી હોય છે. તેમાં આસમાની ઝાંયવાળાં એક કે બે ઈંડાં તે મૂકે છે. સુરખાબ માળા પર બેસીને ઈંડાં સેવે છે. કચ્છી લોકો સુરખાબને 'હંજ'ના નામથી જ ઓળખે છે.

સુરખાબ આપણું રાજ્યપંખી છે.

આ ખૂબ મજાનાં પંખી લગભગ આખી દુનિયામાં પાણીવાળા ભાગમાં છૂટાંછવાયાં સ્થળોમાં જોવા મળે છે. હજારોની સંખ્યામાં ટોળામાં રહેતાં આ પંખીઓ કાદવની દુર્ગંધથી આપણને બચાવે છે. કોઈ એક વખત સમાચાર માધ્યમોના જણાવ્યા અનુસાર કચ્છમાં ચેરવૃક્ષોના નાશથી એની સંખ્યા થોડી ઓછી માલૂમ પડી રહી હતી. એથી પંખીઓ સાથે સંલગ્ન તમામ બાબતોનો આપણે ખ્યાલ રાખવો ઘટે.

## અનુસંધાન પાના નં. 11નું

અપરાજિતાનો ક્વાથ અથવા ચા પીવાથી મગજની કાર્યક્ષમતા વધે છે. તણાવ અને ચિંતા ઘટે છે અને એકાગ્રતા અને સ્મરણશક્તિ મજબૂત બને છે. અપરાજિતા ફૂલનું પાણી અથવા તેની પાંખડીઓમાંથી બનેલો ચામડીના ચકામા, ખંજવાળ, ફોડા વગેરેમાં લાભદાયી છે. વાળ માટે તેનો કઢો પ્રાચીન સમયમાં પ્રાકૃતિક રંગ અને વૃદ્ધિ વધારક ટોનિક તરીકે વપરાતો. આ ફૂલના નિલા રંગમાં ઍંથોસાયનિન (Anthocyanin) નામનું પદાર્થ હોય છે, જે આંખોની દૃષ્ટિ સુધારવામાં મદદરૂપ છે અને એન્ટિ-ઑક્સિડન્ટ તરીકે કાર્ય કરે છે. અપરાજિતા ફૂલનું સેવન શરીરમાંથી વિષદ્રવ્યો દૂર કરે છે, રક્ત શુદ્ધ કરે છે અને ઈમ્યુન સિસ્ટમ મજબૂત બનાવે છે. અપરાજિતા હોર્મોનલ સંતુલન જાળવે છે અને માસિક ચક્રની અનિયમિતતા દૂર કરવામાં મદદરૂપ છે. આજે વિશ્વભરમાં 'બટરફ્લાય પી ફ્લાવર ટી' તરીકે પ્રસિદ્ધ છે. તેમાં દૂધ કે લીંબૂ ઉમેરવાથી રંગ બદલાય છે. જે માત્ર સુંદર જ નહીં, પણ એન્ટિઑક્સિડન્ટ, એન્ટિ-એજિંગ અને ડિટોક્સિફાઈંગ ગુણ ધરાવે છે.

લજામણી (Mimosa pudica) જેને 'સ્પર્શમણી', 'છૂઈમૂઈ' અથવા 'ટચ-મી-નોટ' તરીકે પણ ઓળખવામાં આવે છે, તે એક અદ્ભુત અને સંવેદનશીલ છોડ છે. તેના પાંદડા સ્પર્શ કરતા જ વળી જાય છે અને આ વિશેષતા તેને માત્ર રસપ્રદ જ નહીં, પણ આયુર્વેદમાં ઔષધીય દૃષ્ટિએ અત્યંત મહત્ત્વપૂર્ણ બનાવે છે. લજામણીનો સ્વાદ અને તુરો હોય છે. તે ઠંડક આપનાર, પિત્ત અને કફ દોષને શાંત કરે છે અને શરીરમાંથી અશુદ્ધતાઓ દૂર કરે છે. લજામણીની પાંદડીઓ અને ફૂલમાંથી મળતો રસ રક્ત શુદ્ધ કરે છે અને ચામડીના ઘા, કટ્સ, ફોડા વગેરેમાં લગાડવાથી ત્વચા ઝડપથી ઠીક થાય છે. તેમાં એન્ટિ-બેક્ટેરિયલ અને એન્ટિ-સેપ્ટિક ગુણધર્મો છે. તેનું ચૂર્ણ કે કઢો શ્વેતપ્રદર (leucorrhoea), અતિરજઃસ્રાવ, અને માસિક ચક્રની અનિયમિતતામાં રાહત આપે છે. લજામણીનું સેવન મૂત્ર સંબંધી સમસ્યાઓ (જેમ કે બળતરા, પેશાબમાં ચેપ, વારંવાર પેશાબ જવું)માં રાહત આપે છે. તે મૂત્રાશય શુદ્ધ કરે છે અને ઠંડક આપે છે. લજામણીના ફૂલ અને પાનમાં કુદરતી સેડેટિવ ગુણ છે. તે તણાવ ઘટાડે છે, ચિંતા શાંત કરે છે અને ઊંઘ સુધારે છે. તેના મૂળના કઢાને એન્ટિ-ઈન્ફ્લેમેટરી ગુણધર્મ હોવાથી સાંધાના દુઃખાવા, સોજા અને માથાના દુઃખાવામાં ઉપયોગી છે. અભ્યાસો મુજબ લજામણી રક્તમાં શુગરનું સ્તર ઘટાડવામાં મદદરૂપ છે. તે યકૃત અને આંતરડાંને શુદ્ધ રાખે છે. તેના પાનનો પેસ્ટ મોઢાના ઘા, દાંતની મસૂડા સુજવા અને દાંતની પીડામાં લાભદાયી છે. કેટલાક ગામડાઓમાં લજામણીની પાંદડીઓનું પેસ્ટ ઝેરી જીવાતના દંશ, ચામડીના ચકામા અને નાના ઘામાં લગાડવામાં આવે છે.

ફૂલ બજારમાંથી ફુલ ખરીદીને લાવશો તો તેનો કોઈ ફાયદો નથી. કારણ કે અત્યારે તેની ખેતી કરવા માટે પુષ્કળ પ્રમાણમાં જંતુનાશક દવા છાંટવામાં આવે છે. અગાઉથી આ બધા ફૂલોને ઉગાડીને કોલ સ્ટોરેજમાં સંગ્રહ કરવામાં આવે છે. એ તાજા રહે એટલા માટે તેના ઉપર ઝેરી દવાઓ છાંટેલી હોય છે. આવા ફૂલને સૂંઘવાથી તમને ફાયદો નહીં થાય નુકસાન થશે. આવા ફૂલથી તો ભગવાન પણ અકળાઈ જશે.